વેદાન્ત વિચાર

હિન્દીમાં રચનાર

અધ્યાપક ચાહાત મસીહ

ભાષાંતરકર્તા

મિ. હિંમતલાલ આશીર્વાદ

સુરત
ગુજરાતના ખ્રીસ્તી ધર્મપુસ્તકપ્રસારક મંડળને સારુ
મિશન પ્રેસમાં આર. એસ. ડીકીએ છાપ્યો તથા પ્રસિદ્ધ કર્યો

૧૯૩૧

પ્રત ૫,૦૦૦] [કિંમત ૩ પૈ

વેદાન્ત વિચાર

હિન્દુસ્તાન એવો અજાયબ દેશ છે કે જેમાં ધર્મના વિષય પર જેટલું ધ્યાન અપાય છે તેટલું બીજા કોઇ પણ દેશમાં ભાગ્યેજ અપાતું હશે. હરકંઇ કામકાજમાં, ઉઠવાબેસવામાં, રીતરિવાજમાં કંઇ ને કંઇ ધર્મનો પરંપરાનો સંબંધ રહેલો છે. લોકોને એવી આત્મિક ભૂખ લાગેલી છે, કે તેઓ પરમેશ્વરનું દર્શન પામવાને કે તેની સાથે સંગતિ મેળવવાને અનેક પ્રકારના ઉપાયો કરી રહેલા છે. માણસોની મનોદશા એવી થઇ રહેલી છે કે જ્યાં સુધી તેમને પરમાત્મા ન મળે ત્યાં સુધી તેમની મૃગતૃષ્ણા શાંત થતી નથી. ક્યાં જઇએ, ક્યાં શોધીએ, અને પરમાત્મા કેવી રીતે મળે, એવા વિચાર અને ફિકરમાં લોકો ગ્રસ્ત થઇ ગયા છે. તીર્થસ્નાન, જપ, તપ, સંન્યાસ, દાન, પુણ્ય ઇત્યાદિ એ માટે કરવામાં આવે છે, કે મુક્તિ પ્રાપ્ત થાય, ઇશ્વર સાથે સંગતિ થાય, અને અનન્તજીવન મળે.

કર્મ કર્યાથી જ્યારે મન સંતુષ્ટ ન થયું ત્યારે માણસો જ્ઞાનદ્વારા ઇશ્વરની ખોળ કરવા લાગ્યાં. હિન્દુ લોકો વેદાન્ત દર્શનને સર્વથી ઉત્તમ માને છે. આજકાલ વેદાન્તનીજ ચર્ચા બધે અધિક ચાલ્યા કરે છે. આવા નાના પોથી જેવા પુસ્તકમાં વેદાન્તમતનું પૂરૂં વૃત્તાન્ત આપી શકાય નહિ, પરંતુ સંક્ષેપમાં ઇસારા કરીને જે જે વાતો અમારા સમજવા પ્રમાણે વેદાન્તની મૂળ વાતો છે તે વાતો વિષે વિશેષ વિચાર કરીશું.

સંસારથી અને સંસારની વસ્તુઓથી અલગ થવું, અને ઇન્દ્રિયો તથા ઇન્દ્રિયોનો વ્યાપાર પવિત્ર થાય એવું કરવું જોઇએ, એ પરમાત્માને શોધવાને કે પ્રાપ્ત કરવાને માટે આવશ્યક છે, એવું ભગવદ્ગીતાનું શિક્ષણ છે. ઉપનિષદોમાં વારંવાર એવું બતાવવામાં આવેલું છે, કે સંસાર અને સંસારનાં સર્વ વાનાં ચલિત છે. એ પરથી અનાદિ પરમેશ્વર તરફ ધ્યાન ગયું. ધીરે ધીરે એવો વિચાર થવા લાગ્યો કે અનાદિ બ્રહ્મ સર્વ વસ્તુમાં વ્યાપક છે. ઉપનિષદોમાં સૌથી મોટું શિક્ષણ એ સમાએલું છે કે પરબ્રહ્મ

અંતઃકરણમાં નિવાસ કરે છે અને અંતઃકરણમાંજ ઇશ્વરની સાથે મિલાપ થાય છે. ઉપનિષદોમાં એક બીજી વાત પણ છે, કે આત્મા અને પરમાત્મા વિષેનું જ્ઞાન માણસ પ્રાપ્ત કરી શકે છે; અને જ્યારે એ જ્ઞાન પ્રાપ્ત થઇ જાય ત્યારે અમરપણું કે અનન્તજીવન પ્રાપ્ત કરી શકાય છે. પાછળથી આ બાબતમાં ઘણા ભ્રમ અને ઘણી ભૂલો દાખલ થયાં, એમાં કંઇ સંદેહ નથી; પરંતુ એક વાત તો સાફ છે કે ઉપનિષદોથી એ જણાય છે, કે પરમાત્માની ખોળ કેવી રીતે હાથ લાગી છે. જે જીવાત્મા પરમાત્માના જ્ઞાનની પ્રાપ્તિને માટે એટલો બધો જીજ્ઞાસુ છે—અને આત્મિક રીતેજ એ પરમાત્માની ઓળખાણ થઇ શકે છે—"તે જો મારૂં (જે જીવતો અને અમર છે તેનું) ધ્યાન ધરે છે તો તે આ જગતમાં પૂર્ણ જીવન પ્રાપ્ત કરે છે, અને સ્વર્ગમાં અમરત્વ કે અવિનાશ પ્રાપ્ત કરે છે." જોકે આમાં ઇશ્વરનું પ્રકટીકરણ નથી મળતું કે તે કોણ છે, તો પણ એટલું તો સ્પષ્ટ છે, કે પરમેશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ મૂળ પાયાની વાત છે, અને સત્ય જ્ઞાનદ્વારા અમરત્વ પ્રાપ્ત થાય છે.

ઉપનિષદો અને વેદાન્તદ્વારા એવું શિખવવામાં આવે છે, કે પરમેશ્વર વિષેનું જ્ઞાન માણસને પ્રાપ્ત થઇ શકે છે. પરંતુ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે? શું કોઈ પ્રકટીકરણની મારફતે? માણસની અક્કલ કે બુદ્ધિદ્વારા નહિ, પણ વેદના કોઇ કોઇ મંત્રો સમજવાથી, તેમજ બુદ્ધિથી બહુજ આગળ વધીને ધ્યાન ધરવાથી, પૂર્ણ બ્રહ્મનું જ્ઞાન થઇ જાય છે.

વેદાન્તનો સૌથી જે મોટો દાવો શંકરાચાર્યે બહુજ ભાર દઇને શિખવ્યો છે, તે એ છે કે જીવાત્મા અને પરમાત્મામાં કંઇ ભેદ નથી, પરંતુ એકજ છે. આત્મા ધ્યાનદ્વારા માત્ર પરમાત્માને પૂરી રીતે જાણી લે છે એટલુંજ નહિ, પરંતુ તે પોતે બ્રહ્મ છે, બધું બ્રહ્મ છે, એવું તેને જ્ઞાન થાય છે,...હું બ્રહ્મ છું,—આ આત્મા બ્રહ્મ છે. ઉપનિષદોમાં સૌથી મોટું સૂત્ર એ છે, કે "**तत्त्वमसि**" એટલે "તે તું છે." આ પરથી લોકો એવું સમજે છે, કે જીવાત્મા (મનુષ્યનો આત્મા) અને પરમાત્મામાં કંઇ અંતર કે તફાવત નથી.

આ વિચાર ઉત્પન્ન થવાનું કારણ કંઇક એવું હતું, કે એ વખતે આવાગમન (જન્મમરણના ફેરા) અને કર્મનો મત બહુ ફેલાવા લાગ્યો.

ઠેકાણે ઠેકાણે લોક એજ મતને માનવા લાગ્યા. મનુષ્યનો આત્મા વારંવાર જન્મ લેવાના બંધનમાં છે, અને એને કર્મ કરવું પડે છે, જેથી એક બંધન અથવા જન્મમાંથી નીકળીને આત્માને બીજા જન્મમાં ફસાવું પડે છે. જે પરબ્રહ્મ પરમાત્મા છે તે અમર છે, તેજ એકલો જન્મ લેતો નથી; વળી તે સ્વતંત્ર છે કારણ કે તેનામાં કંઇ ઇચ્છા નથી (નિરીચ્છ), તેમ તે કંઇ કરતો પણ નથી (નિષ્ક્રિય). જ્યારે કર્મ અને આવાગમનનો મત ફેલાયો ત્યારે લોકોની સમજણમાં એ આવ્યું કે બ્રહ્મ એકલું એવું છે કે જે કર્મના બંધનમાં ફસાયું નથી. બ્રહ્મને ઇચ્છા નથી અને તે કંઈ કરતું નથી, તેથી તે કર્મના બંધનમાં નથી. જો બ્રહ્મ કંઇ કરતું હોત તો નિ:સંદેહ તે પણ કર્મના બંધનમાં ફસાત, ને તેને પણ વારંવાર અવતાર લેવો પડત. આ પરથી લોકો પરમાત્મા અને જગત એ બેમાં ભેદ માનવા લાગ્યા; એટલે કે આખી સૃષ્ટિ કર્મને આધીન છે, પરંતુ પરમાત્મા એકલો સ્વતંત્ર છે. જગત બંધનમાં છે, અને સર્વત્ર તેમાં દુ:ખ વ્યાપી રહેલું જણાય છે; બધા આત્મા આવી રીતે ફસેલા છે. સર્વ જીવો તેઓના આગળના જન્મમાં કરેલાં કર્મો અનુસાર દુ:ખ કે સુખ ભોગવી રહેલા છે. વનસ્પતિ પણ જન્મમરણના ચક્રમાં ફસાએલી છે. દેવતાઓ પણ થોડા વખતને માટે સુખ ભોગવી રહેલા છે અને વૈકુંઠમાં છે ખરા, પણ બીજા જન્મમાં તેમને કદાચિત નીચ કે દુ:ખી અવસ્થામાં જીવન ગુજારવું પડશે.

આવા આવા વિચારોને લીધે સમજુ લોકોના મનમાં મોટી નિરાશાઓ અને દુ:ખ થવા લાગ્યાં, તથા વારંવાર જન્મમરણ પામવું એ કારણને લીધે મનમાં એક જાતનો તિરસ્કાર ઉપજવા લાગ્યો; તેની સાથે અમરત્વ મેળવી અવિનાશી થવાની આકાંક્ષા થવા લાગી. એ આવાગમનના મતથી મનમાં કોઇ પ્રકારની સંતુષ્ટતા કે શાંતિ થતી નથી. આવાગમનમાંથી છૂટકારો કે મુક્તિ થઇ શકશે કે નહિ? હા, કેમ નહિ? પરમાત્મા સર્વમાં વ્યાપક છે, પરંતુ કેવળ મનુષ્યમાં તે બહુ સ્પષ્ટતાથી જણાય છે અને પ્રગટ કરવામાં આવે છે. એ પરથી ધીરેધીરે એવો વિચાર થવા લાગ્યો કે પરમાત્મા કંઈ થોડો આમાં, કંઇ થોડો તેમાં, એવી રીતે પ્રગટ નથી થતો, તેમજ એમ પણ નહિ કે પરમાત્મા જીવાત્માદ્વારા (એટલે માણસના આત્માની મારફતે) પ્રગટ થાય છે, પણ એમ કે જે જીવ (મનુષ્ય) આત્મા

છે એજ પરમાત્મા છે, પૂર્ણ પરમાત્મા છે. એ પરથી એ મત નીકળ્યો, કે "હું બ્રહ્મ છું." જ્યારે આવું જ્ઞાન લોકોને થયું ત્યારે તરત તેનું પરિણામ એ આવ્યું, કે મનુષ્ય સાંસારિક જીવનમાંથી બદલાઇને બ્રહ્મસમાન સ્વતંત્ર બની ગયો. હવે એ સનાતન પરમાત્મારૂપ થયો એટલે તે આવાગમન અથવા કર્મના બંધનમાં ન રહ્યો; એવી રીતે જ્ઞાનદ્વારા તેને છૂટકારો અને મુક્તિ મળી ગયાં.

બ્રહ્મ સ્વતંત્ર છે—હું બ્રહ્મ છું—તો હું પણ સ્વતંત્ર છું. આવી સમજ થવાથી મનુષ્યનું પરિવર્તન થાય છે. અત્યાર સુધી જે કંઇ તેના જોવામાં આવતું હતું તે બધું માયાને કારણે હતું. એ સમજથી માણસને એવો આનંદ થયો કે તે પોતાની અસલ સ્થિતિમાં પાછો આવવા ચાહતો ન હતો. તે અમર છે તેથી તેને ભય કે ઇચ્છા કંઇજ રહ્યું નથી, એને દુ:ખ કે કષ્ટ લાગી શકતું નથી, એના આત્માને પૂરી શાંતિ મળી ગઇ; ત્યારે પરિણામ એ આવ્યું કે મનુષ્યે સંસાર સાથેનો સઘળો સંબંધ તજી દીધો. એને આ ચલિત સંસાર સાથે કંઇ લેવાદેવાજ રહી નહિ, એનો સંબંધ તો બ્રહ્મલોક સાથે થઇ ગયો છે. ભાઇ, હું પોતે બ્રહ્મ છું તો બ્રહ્મને પૂજાપાઠ, સંતાન, સુખચેન, આનંદ, ધનસંપત્તિ, લેણદેણ કે રાજ્ય, ઇત્યાદિ સાથે શી લેવાદેવા રહી? કર્મ તો દુષ્ટ વસ્તુ છે તો બ્રહ્મ થએલા મનુષ્યને કર્મ સાથે શો સંબંધ રહ્યો? આવી માન્યતાને પરિણામે મનુષ્ય પોતાનું ઘરબાર છોડી દે છે, લગ્ન-વ્યવહાર, ધનમાલ, સમાજ, જનોઇ પહેરવાનું, સ્ત્રી, દેવતાઓની ઉપાસના, એ સર્વનો ત્યાગ કરી દે છે, અને ઘરબાર વિનાનો થઇ એકલો એકાંત જંગલમાં રખડતો ફરે છે, ખોમાં કે ઝાડની નીચે સૂઇ રહે છે, અને ભિક્ષા માગીને ખાય છે; સંન્યાસી બની જાય છે—એને તે સંસાર છોડી દેવો સમજે છે. ઘરેણાં જવાહીર વગેરે ઉતારે છે, માથું મુંડાવે છે, અને નામજોગાં વસ્ત્ર પહેરે છે, નહિ તો બીલકુલ નાગોપુંગો બનીને એક હાથમાં દંડ ધરે છે અને બીજા હાથમાં ખાવાને માટે ભિક્ષાપાત્ર કે કમંડળ લઇને તે નીકળી જાય છે.

હવે મનુષ્ય અને ઇશ્વર એક છે, એવી જાતના શિક્ષણમાંથી કેટલાક ઉમદા વિચાર નીકળી શકે છે. જો કે એ કંઇ સત્ય નથી, તથાપિ એક વાત એમાંથી દેખાઇ આવે છે, એટલે હિન્દુસ્તાનના લોકોને શી આત્મિક ભૂખ લાગેલી હતી તે એથી પ્રગટ થાય છે, ભલે પછી એ ભૂખ ભાગવાને

જુદા જુદા પ્રકારની ભૂલ અને ભ્રમની વાતો ફેલાઇ ગઇ હોય. કેટલાક લોકો વેદાન્તના મતની હાંસીઠઠ્ઠા કરવા લાગ્યા, તોપણ એ પરથી કેટલાક સારા વિચાર નીકળી આવે છે; જેવા કે મનુષ્યનું મહત્ત્વ અને આત્મિક ગૌરવ કેટલાં બધાં મોટાં છે, મનુષ્યની જ્ઞાનશક્તિ કેટલી અધિક અને આત્મિક આકાંક્ષા કેવી છે, મનુષ્ય અમરત્વનો ભૂખ્યો છે, અને તે ઇશ્વરની પાસે રહેવા તથા તેને સમાન બનવા ચાહે છે, પરમેશ્વરની સાથે માણસ સંગતિ રાખી શકે છે, પરમેશ્વર ખરેખર મનુષ્યના મનમાં અને અંતઃકરણમાં નિવાસ કરે છે, ઇત્યાદિ.

આવા શિક્ષણ અને મતને કારણે માણસની આત્મિક દશા પર ભારે અસર થઇ અને તેને નવો અનુભવ થવા લાગ્યો. પરમાત્મા પરનો પ્રેમ બહુ વધવા લાગ્યો, સંસાર અને સાંસારિક વસ્તુઓ પરથી મન ઉઠી જવા લાગ્યું, અને એ જ્ઞાનદ્વારા એવી સમજણ ફેલાઇ ગઇ, કે અમને અનંતજીવન તથા અમરત્વની પ્રાપ્તિ થઇ ચુકી છે.

પરંતુ આ બધી વાતની સાથે એ સ્મરણમાં રાખવું જોઇએ, કે એવા મતની સાથે સાથે કેટલીએ અનુચિત વાતો અને વિચાર ફેલાવા લાગ્યાં. જ્યારે એવું જ્ઞાન ફેલાયું કે જીવાત્મા અને પરમાત્મા એકજ છે, ત્યારે સાથે સાથે એ વિચાર પણ ઉત્પન્ન થયો કે ગમે તે પ્રકારે સૃષ્ટિ અને બ્રહ્મ કે પરમાત્મા પણ એક છે. "**एकमेवाद्वितीयम्**" સિદ્ધાંત શરૂ થઇ ગયો, અર્થાત્ જે કંઇ છે તે એક છે, બીજું કંઇજ નહિ. આ સૃષ્ટિ પણ બ્રહ્મ છે. હવે લોકો આ સિદ્ધાંતનો જુદો જુદો અર્થ કરવા લાગ્યા. આ નાનકડા પુસ્તકમાં એ બધી ચર્ચામાં ઉતરી શકાય એમ નથી. પણ એક વાત હરેક માણસના મનમાં રહી કે બ્રહ્મ સર્વમાં વ્યાપક છે. આપણે ઉપર જોઇ ગયાં કે પરમાત્મામાં ઇચ્છા નથી, એથી તે કર્મરહિત છે, અર્થાત્ તે કંઇ કરતોજ નથી. એવો બ્રહ્મ સર્વમાં વ્યાપક તો છે, પરંતુ તે કંઇ કરતો નથી, કારણ કે જો તે કંઇ કરવા લાગે તો તે કર્માધીન થઇ ગયો સમજવો, અને એને લીધે તેને દુઃખ, હેરાનગતિ તથા મરણ ભોગવવાં પડે.

ત્યારે જે પહેલો અનુચિત વિચાર ફેલાયો તે તો એ કે બ્રહ્મ કર્મરહિત છે, તેથી તેનામાં નથી કંઇ ધર્માચાર કે નથી કંઇ ભલાઇ. તે તો ભલા-ભુંડામાં કંઇ અંતરજ સમજતો નથી.

બ્રહ્મ એ સત્, ચિત્, આનંદ છે, પણ તે ધર્મ નથી. તેથી ભલાં અને પવિત્ર કર્મોની સાથે મુક્તિનો કશો સંબંધ નથી. મુક્તિ કેવળ જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. હું અને બ્રહ્મ એક છીએ એ જ્ઞાન જે કોઇ પામે છે તે તરત કર્મના બંધનમાંથી (અર્થાત્ વારંવાર જન્મ લેવામાંથી) છૂટો થઇ જાય છે. એટલુંજ નહિ કે એ પ્રકારે મુક્તિ પ્રાપ્ત કર્યા પછી માણસ ભલો અને ધર્માચારી બની જાય, પરંતુ જો તે કોઇ મહા પાપ કે દુષ્કર્મ પણ કરે, તો એવા કર્મથી તેને કંઇ પણ હાનિ પહોંચતી નથી. સારાં કે ખોટાં, ગમે તેવાં, પણ બધાં કર્મ નિષ્ફળજ રહે છે.

બીજો અનુચિત વિચાર એ ફેલાયો કે બ્રહ્મ કર્મરહિત છે; ત્યારે તે પુરૂષ કે વ્યક્તિ નથી, તે સ્વજ્ઞાની તો છે, પરંતુ તે ઇચ્છારહિત છે.

ત્રીજો વિચાર એ પ્રવર્ત્યો કે બ્રહ્મ મનુષ્યો સાથે નથી મળતો કે નથી વાત કરતો. "આપણા શબ્દ કે વિચાર એની પાસે પહોંચી શકતા નથી." જોકે બ્રહ્મ સર્વ છે અને આખી સૃષ્ટિમાં વ્યાપક છે, વળી હર વખ્ત તે આપણી પાસે પણ છે, તોપણ આપણે તેની પૂજા કે પ્રાર્થના કંઇ કરી શકતા નથી. તે આપણી પ્રાર્થના સાંભળતો નથી કે આપણી પૂજા જોઇ શકતો નથી. એજ કારણને લીધે, જેમ આપણે આગળ કહી ગયા તેમ, સંન્યાસી લોકો પૂજાપાઠ તજી દે છે. જો બ્રહ્મની પૂજા થઇ શકતી નથી, તો પછી સંન્યાસીઓ પૂજા શા સારૂ કરે? હું અને બ્રહ્મ એક છીએ એવા ધ્યાનમાં સંન્યાસીનો બધો સમય વીતે છે.

ચોથો અનુચિત વિચાર એ ફેલાયો કે બ્રહ્મ અગર પરમાત્મા સૃષ્ટિકર્તા નથી, કારણ કે જો તે સૃષ્ટિકર્તા હોય તો તે કર્મને આધીન થઇ ગયો સમજવો.

પંડિતો અને સંન્યાસીઓના મનમાં જ્યારે આવો વિચાર ભરાયો ત્યારે તેઓએ દેવદેવીઓનું, મૂર્તિપૂજાનું અને અન્ય ધર્મરીતિઓ ઇત્યાદિનું ખંડન શા માટે નહિ કર્યું, એ બતાવવાની મને ફુરસદ નથી, તેમ તે આવશ્યક પણ લાગતું નથી. પરંતુ બ્રાહ્મણ લોકો બહુ ચતુર હતા.

ધીરેધીરે ઘણા દાર્શનિક આશ્રમો શરૂ થયા. જ્યાંકહીં જાઓ ત્યાં કોઇ ને કોઇ સંન્યાસી કે પંડિત પોતાના દર્શનનું શિક્ષણ આપીને ચેલાઓ

બનાવતો હતો. એનું વર્ણન કરવાની પણ કંઇ આવશ્યકતા નથી, પરંતુ ત્રણ વાતો યાદ રાખવાની જરૂર છે: પહેલી એ કે સર્વ દર્શનો અને પંથનો એકજ મનોરથ હતો; તે એ કે આવાગમનના ચક્રમાંથી છૂટકારો અને મુક્તિ મળે. દરેક દર્શનમાં મુક્તિ પર ભાર મૂકવામાં આવ્યો છે. બીજી વાત એ કે બધા દાર્શનિક પંડિત લોકો સંન્યાસી જીવન ગાળતા હતા, અર્થાત્ સંસારત્યાગ કરીને ભિક્ષા માગતા હતા. ત્રીજી વાત એ કે એ સર્વ દાર્શનિક પંથમાંના કેવળ ત્રણ બહુજ વિખ્યાત થયા, અને અજાયબ જેવી વાત તો એ છે, કે એ ત્રણે દાર્શનિક મતમાં બ્રહ્મનું અસ્તિત્વ માનવામાં આવતું નથી, અર્થાત્ એ ત્રણે પંથો નાસ્તિક પંથો છે. એ ત્રણ તો જૈનમત, સાંખ્યમત અને બૌદ્ધમત છે. ધર્મની કે આત્મિક બાબતોમાં જ્યારે ભૂલ પેસવા માંડે છે ત્યારે ધારેધારે એવી દુર્દશા થઇ જાય છે.

પરંતુ એ યાદ રાખવું જોઇએ કે ઘણાખરા વેદાન્તીઓને એ મતથી કંઇ સંતુષ્ટતા થઇ નહિ. આત્મિક ભૂખ વધતી ગઇ અને મન અચેનજ રહ્યું. ભાઇ, નિર્ગુણ પરમેશ્વરથી શો લાભ હોઇ શકે! કેટલાએ વેદાન્તી શરૂઆતથીજ એવો વિચાર કરવા લાગ્યા કે બ્રહ્મ અવશ્ય કોઇ વ્યક્તિ છે, અને ઉપનિષદોનાં કેટલાંએ વાક્યોદ્વારા પોતાના એ મતને સિદ્ધ કરવા લાગ્યા. તેઓ એવું શિખવવા લાગ્યા કે બ્રહ્મ એક વ્યક્તિ છે, પછી તેને "અંતર્યામી" નામ દેવા લાગ્યા, અને એવું પણ બતાવવા માંડયું કે એજ સૃષ્ટિનો સૃજનાર અને અધ્યક્ષ છે. તેને દેવ, ભગવાન, ઇશ, ઇત્યાદિ નામો પણ તેઓએ લગાડવા માંડયાં.

કર્મરહિત હોવાને લીધે લોક શું શું કરવા લાગ્યા તે પાછળ આપણે જોઇ ગયા છીએ. પરંતુ હિન્દુ ધર્મોનાં શાસ્ત્રોમાં ગૃહસ્થોનાં કેટલાંએ કર્તવ્યકર્મ બતાવવામાં આવ્યાં છે, ને તેનાં પ્રતિફળ અવશ્ય મળે છે. પણ શાસ્ત્રોમાં જે જે કર્મો કરવાનાં કહેલાં છે તે એટલાં શુદ્ધ છે, કે એ કરવાથી જાણે કે કર્મ થતું નથી અને ફરીથી જન્મમરણનો ભય રહેતો નથી, એવો વિચાર પેદા થયો. એ પરથી એવું શિક્ષણ ફેલાયું કે શાસ્ત્રોમાં ઠરાવેલાં કર્મો કરવાં, પણ સામા ફળની ઇચ્છા રાખવી નહિ. શાસ્ત્રોમાં તેમ કરવાનું ઠરાવવામાં આવેલું છે એટલાજ કારણસર એ કર્મો કરવાં. એવાં કર્મોને

"નિષ્કામ કર્મ," "નિવૃત્તિ કર્મ" અને "કર્મયોગ" કહેવામાં આવે છે. ગીતામાં એવા એવા વિચારો અને વાતો મળી આવે છે. ત્યારે પરબ્રહ્મ એક છે, અને તે એક વ્યક્તિ છે, સર્વ વસ્તુઓનું તે મૂળ છે, પણ તેનો કોઇ મનોરથ નથી, સૃષ્ટિમાત્ર તેની લીલા છે, એવું શિક્ષણ ફેલાવા લાગ્યું.

ભગવદ્‌ગીતાનો સમય કંઇક જુદોજ હતો. તેમાં કર્મરહિત થવાનું ખંડન કરાય છે, કર્મની પ્રશંસા થતી જાય છે, અને મુક્તિ કર્મયોગદ્વારા (ઉપર બતાવવામાં આવ્યું તેમ) પ્રાપ્ત થઇ શકે છે.

અમે શરૂઆતમાંજ બતાવ્યું છે કે અસલ વેદાન્તમતમાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે, કે બ્રહ્મ અને મનુષ્ય એકજ છે, અને એ જ્ઞાનદ્વારા અમરત્વ અને શાંતિ પ્રાપ્ત થઇ શકે છે. પરંતુ હવે જ્યારે એવો વિચાર ફેલાયો કે બ્રહ્મ તો એક અલગ વ્યક્તિ છે, ત્યારે તેની સાથે એ મત પણ ફેલાયો કે મનુષ્ય પણ બ્રહ્મથી અલગ વ્યક્તિ છે; અને જ્યારે અમરત્વ તેને પ્રાપ્ત થશે, ત્યારે બ્રહ્મમાં તે લીન થનાર નથી, પણ એક અલગ વ્યક્તિ રહેશે. એ પરથી અમરત્વ કર્મયોગ અને ભક્તિદ્વારા પ્રાપ્ત થઇ શકે છે એવું નિશ્ચયપૂર્વક થાય છે. ભગવદ્‌ગીતામાં એવું શિક્ષણ આપવામાં આવેલું છે, કે કર્મ કરો, પણ પ્રતિફળ ભોગવવાનું કૃષ્ણજીના હાથમાં સોંપી દો. એક ઠેકાણે એમ પણ લખેલું છે, કે "નિષ્કામ કર્મ" એ કૃષ્ણને બલિદાન ચઢાવવા જેવું છે.

રામાનુજ વેદાન્તી પોતાના "શ્રીભાષ્ય"માં એવું શિખવે છે કે એક અનાદિ બ્રહ્મ છે, તે અદૃશ્ય છે, અને મનુષ્યોના વિચારથી બહુ ઉચ્ચ છે; પણ તે એક વ્યક્તિ છે અને સગુણ છે. તે સર્વ પ્રકારનાં પાપ તથા ભુંડાઇથી અલગ છે, અને તેના ગુણ તથા ચરિત્ર પવિત્ર છે. તે પ્રેમ તથા દયા કરનારો પરમેશ્વર છે, તે સર્વમાં વ્યાપક થઇ રહેલો છે, મનુષ્યનો આત્મા તેનો અંશ છે; વળી સૃષ્ટિ કંઇ માયા નથી, પરંતુ ખરેખર જુદીજ વસ્તુ છે, વગેરે વગેરે. માનવજાત કર્મ અને જન્મમરણના ફેરામાં ફસાએલી છે. જે વખતે મનુષ્યને અનાદિ બ્રહ્મનું પૂર્ણ જ્ઞાન થાય છે, તેજ વખતે એ બંધનમાંથી તેનો છૂટકારો થઇ જાય છે. જ્યારે મનુષ્ય ભક્તિ કરવા લાગે છે, ત્યારે પરમેશ્વરની દયા અને કૃપાથી તેને એ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે જે મનુષ્યને મુક્તિ પ્રાપ્ત થાય છે તે અનંત આનંદમાં પ્રવેશ કરે છે.

વળી તેના વ્યક્તિત્વનો નાશ થતો નથી. જે માણસે મુક્તિ પ્રાપ્ત કરી હોય તે પરમેશ્વર જેવો બની જાય છે.

એ બધી વાતો પરથી એટલું સ્પષ્ટ વિદિત થાય છે કે મનુષ્યનો આત્મા કોઇ પણ રીતે મુક્તિની ખોળ કરી રહ્યો છે. કઇ કઇ વાતે મન સંતુષ્ટ થઇ શકે છે? આપણા દેશના જ્ઞાની, ધ્યાની અને ભક્ત લોકો શું પામવા ઇચ્છે છે, અને તેઓ શાની ખોળ કરી રહ્યા છે, તે બધું જણાય છે.

આરંભમાંજ કહી દેવામાં આવેલું છે, કે જેથી વેદાન્તમતનાં મૂળતત્ત્વો માલમ પડી જાય એવી વાતોની ચર્ચા કરવી, એવો મારો મનોરથ છે. પરમાત્મા કેવા છે, એ કેવી રીતે મળી શકે છે, એમનો મિલાપ અને સંગતિ કેવી રીતે થઇ શકે છે, તારણ અથવા અનંતજીવન કેવી રીતે પ્રાપ્ત થઇ શકે છે, ઇત્યાદિ બાબતોનું જ્ઞાન મેળવવા મનુષ્યો ચહાતાં હતાં. એ આત્મિક ભૂખ અને તરસ મટાડવાને માટે વેદાન્તમત એક ઉપાય જેવો બનેલો છે. પરંતુ હું ઘણા આનંદ અને પ્રેમ સહિત વેદાન્તમતથી વધારે ઉત્તમ અને શ્રેષ્ઠ માર્ગ તથા ઉપાય બતાવું છું કે જેથી તમારી મનકામના અને આત્મિક આકાંક્ષા પૂરી થઇ શકે. પરમાત્માનું જ્ઞાન, પરમેશ્વર સાથે સંગતિ, તારણ અને અનંતજીવન, ઇત્યાદિ જેની શોધમાં તમે મચી રહેલા છો તે બધું સહજ પ્રાપ્ત થઇ શકે એમ છે. ઇસુ મસીહ એકલાજ એવા છે કે જે આ સર્વ વાનાં તમને આપી શકે છે. વરસો થયાં હિન્દુસ્તાન જેની શોધ કરી રહ્યો છે તે ઇસુ ખ્રિસ્તે પૂરૂં કરેલું છે, અને વિશ્વાસ કરનાર સહુ લોકોને તે તે આપી રહેલા છે, તે નીચે પ્રમાણે બતાવવામાં આવે છે:

(૧) પ્રિય વાંચકો, શું તમે એવું સમજો છો કે સંસાર ત્યાગ કરવાથી ઇશ્વર અથવા તારણ મળી શકે છે? વાત ખરી, પરંતુ જેવો સંસારત્યાગ તમે સમજો છો તેવો સંસારત્યાગ ઇસુ ખ્રિસ્ત આપણી પાસેથી માગતા નથી. તે તો એમ કહે છે કે સંસારમાં રહીને ભલાં કામો કરો, પરંતુ સંસારની અભિલાષાઓથી દૂર રહો. "પૃથ્વી પર પોતાને સારૂ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જાય છે. પણ તમે પોતાને સારૂ આકાશમાં દ્રવ્ય એકઠું કરો...કેમકે જ્યાં તમારૂં દ્રવ્ય છે ત્યાંજ તમારૂં ચિત્ત પણ રહેશે." વળી બાઇબલમાં ઇશ્વરભક્તોએ એવું કહેલું છે, કે "જગત પર અથવા જગત-

માંનાં વાનાં પર પ્રેમ ન રાખો....કેમકે જગતમાં જે સર્વ છે, એટલે દૈહિક વાસના તથા આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતા(ઇશ્વર)થી નથી, પણ જગતથી છે. જગત તથા તેની લાલસા જતાં રહે છે, પણ જે ઇશ્વરની ઇચ્છા પૂર્ણ કરે છે તે સદા રહે છે." "કેમકે જે વસ્તુઓ દૃશ્ય છે તેમના પર નજર ન રાખતાં જે અદૃશ્ય છે તેમના પર અમે લક્ષ રાખીએ છીએ; કેમકે જે દૃશ્ય છે તે ક્ષણિક છે, પણ જે અદૃશ્ય છે તે સદાકાલિક છે."

તમે પરમેશ્વરને ઢુંઢો છો કે તે ક્યાં મળે અને કેવી રીતે તેની સાથે મિલાપ થાય? બાઇબલ બતાવે છે, કે "જે મહાન તથા ઉન્નત છે, જે સનાતન કાળથી છે, જેનું નામ પવિત્ર ઇશ્વર છે, તે એવું કહે છે, હું ઉચ્ચ-સ્થાને તથા પવિત્ર સ્થાને રહું છું, વળી જે અંત:કરણથી પશ્ચાત્તાપ કરે છે તથા નમ્ર છે, તેની સાથે પણ વસું છું, જેથી હું નમ્રોના આત્માને અને પશ્ચાત્તાપ કરનારાઓના હૃદયને ઉત્તેજિત કરૂં." જો તમે પાપને કારણે ખરેખર દુઃખી છો અને જો તમે પાપ કર્યાને લીધે ખરેખર શરમાઓ છો, તો પરમેશ્વર તમારાં મનમાં આવીને નિવાસ કરશે. ઇસુ ખ્રિસ્તે એક વાર પોતાના શિષ્યોને કહ્યું હતું, કે "સત્યનો જે આત્મા ઇશ્વર તમને આપશે તેને જગત પામી નથી શકતું; કેમકે તેને તે જોતું નથી, અને તેને ઓળ-ખતું નથી; પણ તમે તેને ઓળખો છો; કેમકે તે તમારી સાથે રહે છે, અને તમારામાં વાસો કરશે." જેને હિન્દુ અને વેદાન્તી લોકો શોધી રહેલા છે તે ખ્રિસ્તીઓને તો તેમના મસીહદ્વારા મળી ચૂક્યું છે, એ કારણથી ખ્રિસ્તી લોકો આનંદિત રહે છે. હવે એ કેવી રીતે મળે છે? તો બાઇબલ એમ બતાવે છે, કે "જે તેની આજ્ઞાઓ પાળે છે, તે એનામાં (પરમેશ્વરમાં) રહે છે, અને એ (પરમેશ્વર) તેનામાં." વળી બીજે ઠેકાણે એમ લખેલું છે, કે "ઇશ્વર પ્રીતિ છે, અને જે પ્રીતિમાં રહે છે તે ઇશ્વરમાં રહે છે, અને ઇશ્વર તેનામાં." કર્મરહિત થવાથી નહિ તેમ સંસાર છોડી જંગલમાં જવાથી પણ નહિ, પરંતુ ઇશ્વરની આજ્ઞાઓનું પાલન કરવાથી, પ્રેમનાં કાર્યો કરવાથી, તથા જગતમાં રહીને લોકો મધ્યે એવાં કામો કરવાથી આપણે ઇશ્વરમાં નિવાસ કરીએ છીએ અને ઇશ્વર આપણામાં નિવાસ કરે છે. હવે ઓ ભાઇઓ, વેદાન્તની વાત અને આ વાત, એ બેમાં કયી વાત સારી છે, અને કયો ઉપાય ઉત્તમ છે?

(૨) જ્ઞાનથી અમરતા અને અનંતજીવન પ્રાપ્ત થાય છે એ ખરી વાત, પણ કેવા જ્ઞાનથી? એ વિષે ઇસુ ખ્રિસ્ત જે કહે છે તે સાંભળો: "અનંતજીવન એ છે કે તેઓ તને એકલા ખરા ઇશ્વરને તથા ઇસુ ખ્રિસ્ત જેમને તેં મોકલ્યા છે તેમને ઓળખે." "ઇશ્વરને કોઇ માણસે કદી દીઠો નથી; એકાકીજનિત દીકરો, કે જે બાપની ગોદમાં છે, તેણે તેને પ્રગટ કર્યો છે." ઇસુ ખ્રિસ્તના એક શિષ્યે કહ્યું છે, કે "એ સાક્ષી એવી છે કે ઇશ્વરે આપણને અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે. જેને [ઇશ્વરનો] પુત્ર છે તેને જીવન છે; જેને ઇશ્વરનો પુત્ર નથી, તેને જીવન નથી." ખ્રિસ્ત એજ ઇશ્વરનું સામર્થ્ય અને ઇશ્વરનું જ્ઞાન છે. શું તમને જ્ઞાન જોઇએ છે? તો ઇસુ ખ્રિસ્ત ઇશ્વરનું જ્ઞાન છે. તેમને શીખો અને સમજો. એમને તમે ગ્રહણ કરી લો તો તમને જીવન છે. જો ઇસુ ખ્રિસ્તને ગ્રહણ ન કરો તો તમને નથી જ્ઞાન પ્રાપ્ત થવાનું તેમજ નથી અનંતજીવન મળવાનું. ઇસુ ખ્રિસ્ત તમારી આત્મિક ભૂખ મટાડી શકે છે. તમારા મનની આકાંક્ષા એકલા એજ પૂર્ણ કરી શકે છે.

ઇસુ ખ્રિસ્તે એક વાર એક વાત બહુ સ્પષ્ટ રીતે પ્રગટ કરી; તેવી આજ સુધી કોઇએ કદી કહી નથી. તેમણે કહ્યું, "પુનરૂત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે; અને જે કોઇ જીવતાં મારા પર વિશ્વાસ રાખે છે, તે કદી નહિજ મરશે." ઇસુ ખ્રિસ્તે જીવન અને અમરત્વને એટલે પોતાને સુસમાચારદ્વારા (એટલે બાઇબલ મારફતે) આપણને પ્રગટ કર્યા છે, અને જ્યારે પ્રભુ ઇસુએ જીવન તથા અમરતા બતાવી આપ્યાં છે તો હવે શોધવાની કે ઢુંઢવાની શી જરૂર છે? તો શા માટે તમે તે લેતા નથી? જે જે વાતો ઇસુ ખ્રિસ્તે કહી છે તે તેમણે કદી સંદેહ રાખીને કહી નથી, પણ હમેશાં ખરી ખાતરી સહિતજ જણાવી છે, કારણ કે જે જે વાતો તે જાણતા હતા અને જે જે તેમણે નજરે જોયું હતું તેજ તેમણે કહી જણાવ્યું છે.

(૩) બાઇબલમાં ઇશ્વરનું પ્રકટીકરણ કરવામાં આવેલું છે, અને ઇસુ ખ્રિસ્તે તો ઇશ્વરને પૂરી રીતે પ્રગટ કર્યો છે. પરમેશ્વર નિર્ગુણ નથી, તેમ તે એવી કોઇ વ્યક્તિ પણ નથી કે જે કંઇ કરે નહિ કે કંઇ સાંભળે નહિ. બાઇબલમાં ઇસુ ખ્રિસ્તના એક જ્ઞાની શિષ્યે એવું કહેલું છે, કે

"જગતે પોતાના જ્ઞાન વડે ઇશ્વરને ઓળખ્યો નહિ." હવે એ પ્રશ્ન થાય છે, કે બાઇબલ અને ઇસુ ખ્રિસ્ત પરમેશ્વર વિષે શું કહે છે? "ઇશ્વર આત્મા છે." ઇશ્વર એવું કહે છે, કે "હું આદિ છું. હું અંત છું, મારા વિના કોઇ બીજો ઇશ્વર નથી." "અનાદિકાળથી અનંતકાળ સુધી તુજ ઇશ્વર છે." "સર્વશક્તિમાન પ્રભુ આપણો દેવ રાજ કરે છે."

"જે ઉચ્ચ તથા ઉન્નત છે, જે સનાતન કાળથી છે, જેનું નામ પવિત્ર છે, તે એવું કહે છે, હું ઉચ્ચસ્થાને તથા પવિત્ર સ્થાને રહું છું."

"ઇશ્વર પ્રકાશ છે, અને તેનામાં કંઇ પણ અંધકાર નથી."

"હું પૃથ્વી પર દયા, ન્યાય તથા નીતિ કરનાર યહોવાહ છું."

"જેઓ જુલમથી હેરાન થએલા છે તે સર્વને સારૂ યહોવાહ ન્યાયનાં કૃત્ય તથા ચુકાદા કરે છે."

"યહોવાહ પોતાના પવિત્ર સ્થાનમાં છે......તેની આંખો મનુષ્યને જુએ છે અને તેનાં પોપચાં તેઓને પારખે છે."

"જે કાનનો ઘડનાર છે, તે શું નહિ સાંભળે? જે આંખનો રચનાર છે, તે શું નહિ જુએ?"

(૪) ઇશ્વર એક વ્યક્તિ છે એટલુંજ પ્રભુ ઇસુએ શિખવ્યું એમ નહિ, પણ તેમણે તો ઇશ્વરને સંપૂર્ણ રીતે પ્રગટ કર્યો. તે પોતે ઇશ્વરને ઓળખતા હતા. તેમણે કહ્યું છે, કે "હે ન્યાયી બાપ, જગતે તો તને ઓળખ્યો નથી; પણ મેં તને ઓળખ્યો છે." હે પ્રભુ ઇસુ ખ્રિસ્ત, આપ જે જાણો છો તે અમને પણ બતાવો કે પરમેશ્વરનું જ્ઞાન અમને પણ થાય. અમારો હિન્દુસ્તાન દેશ પરમેશ્વરના જ્ઞાનનો ભૂખ્યો છે, તે પરમેશ્વરને જાણવા ચાહે છે. હે પ્રભુ ઇસુ, અમારાં મનોને સંતુષ્ટ કરો. જેને લીધે પરમેશ્વર જુદો લાગતો હતો તે પડદો પ્રભુ ઇસુએ હઠાવી દીધો છે; વળી ઇસુ ખ્રિસ્તે એવું દર્શન કરાવ્યું છે કે જેનો વિચાર કે ખ્યાલ સરખો પણ વેદાન્તી લોકોને કદી આવ્યો નહિ હોય. પડદો હઠયો તેની સાથે રહસ્ય ખુલ્લું થયું અને પિતાનું દર્શન થયું. પરમેશ્વર આપણો પિતા છે, એ ભેદ ખુદ પરમેશ્વર સિવાય બીજો કોણ આપણને બતાવી શકે? માણસને એટલુંજ જાણવું બસ નથી કે હું ઇશ્વરને જાણું

છું, પરંતુ દરેક માણસને એવી ખાતરી હોવી જોઇએ કે પરમેશ્વર મને જાણે છે અને ઓળખે છે. ઉપનિષદોમાં એમ બતાવવામાં આવ્યું છે કે માણસો પરમેશ્વરની ખોજ કરતા ફરે છે, તેને જાણવાનો યત્ન કરે છે, અને તેને ગ્રહણ કરવા ચાહે છે. પરંતુ ઇસુ ખ્રિસ્તદ્વારા અમને એ બતાવવામાં આવ્યું છે અને એવી ખાતરી કરી આપવામાં આવે છે, કે જે મનુષ્યોને ઇશ્વરે બનાવ્યાં છે તેઓની ખોળમાં અને શોધમાં ઇશ્વર લાગેલો છે, એ માટે કે તેમને મેળવી લઇને તેઓની આગળ તે પોતાને પ્રગટ કરે. ઇસુ ખ્રિસ્તે એક વાર કહ્યું હતું, કે "ખોવાએલું (પાપી મનુષ્યો) શોધવા તથા તારવા સારૂ માણસનો દીકરો (પ્રભુ ઇસુ) આવ્યો છે." માણસમાં ઇશ્વરને જાણવાની યોગ્યતા છે એમાં જગતની આશા રહેલી છે એમ નથી, પણ પરમેશ્વર આપણ માણસોને માટે મહેનત કરી રહેલો છે, એમાં એ આશા છે. જે લોકો ઇશ્વરની શોધમાં લાગેલા છે તેવા લોકના ઉપયોગની વાત બાઇબલમાં આવે છે. બાઇબલમાં આપણને ઇશ્વરનું પ્રકટીકરણ મળે છે. બાઇબલમાં પરમેશ્વર માણસોની સાથે જાણે કે વાતો કરે છે. પરમેશ્વર પિતા છે અને તે પોતે આપણી પાસે રહે છે. પરમેશ્વરને "આત્માઓનો પિતા" કહેલો છે, "કેમકે તેનામાં આપણે જીવીએ છીએ, હાલીએ છીએ, અને હોઇએ છીએ."

જેમ પુત્રો સાથે તેમ તમારી સાથે ઇશ્વર વર્તે છે; એને લીધે ઇસુ ખ્રિસ્તે શિખવ્યું છે કે તમારે આવી પ્રાર્થના કર્યા કરવી : "ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ," ઇત્યાદિ. પ્રાર્થનાના સંબંધમાં બોલતાં પ્રભુ ઇસુએ પરમેશ્વરને માટે એવું કહ્યું છે, કે "જો તમે ભુંડા છતાં તમારાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાંના બાપની પાસે જેઓ માગે છે તેઓને કેટલાં વિશેષે કરીને તે સારાં વાનાં આપશે?" વળી તેમણે એમ પણ કહ્યું, કે "તમારો આકાશમાંનો બાપ જાણે છે કે એ બધાંની તમને અગત્ય છે." તે માટે "માગો, તો તમને અપાશે; શોધો, તો તમને જડશે; ઠોકો, તો તમારે સારૂ ઉઘાડાશે; કેમકે જે હરેક માગે છે તે પામે છે, ને જે શોધે છે તેને જડે છે, ને જે ઠોકે છે તેને સારૂ ઉઘાડવામાં આવશે."

પરમેશ્વર પિતા હોઇને આપણને શાંતિ અને દિલાસો આપે છે. "જેમ માતા પોતાના પુત્રને શાંતિ આપે છે તેમ હું પણ (પરમેશ્વર) તમને શાંતિ આપીશ." "ઇશ્વર તેઓની આંખોમાંથી પ્રત્યેક આંસુ લોહી નાખશે."

એ માટે પરમેશ્વર એવું ચાહે છે, કે આપણે તેના પર પ્રેમ કરીએ, અને તેની ઉપાસના, આરાધના અને સેવા કરીએ. દરેક મનુષ્યનું કર્તવ્ય-કર્મ એજ છે. તે કહે છે, કે

"મારા દીકરા, તારૂં અંત:કરણ મારી તરફ લગાડ."

"પ્રભુ તારા દેવનું ભજન કર ને તેની એકલાનીજ સેવા કર."

"તારા પૂરા હૃદયથી ને તારા પૂરા જીવથી, ને તારી પૂરી બુદ્ધિથી, ને તારા પૂરા સામર્થ્યથી પ્રભુ તારા દેવ પર તું પ્રીતિ કર."

વળી પ્રભુ ઇસુએ એવું શિખવ્યું છે, કે કોઇ પણ મનુષ્ય, પછી તે ગમે તે હોય અને ગમે તેટલો મોટો પાપી હોય, પણ જો તે એ પાપોનો પસ્તાવો કરે, તો પરમેશ્વર તેને માફ કરવાને તૈયાર છે. ઇશ્વરે પોતાના પ્રિય પુત્રને જગતમાં મોકલ્યો, તેમણે સર્વ પ્રકારનાં દુ:ખ, સંકટ અને લજ્જા સહન કરીને પાપોના બલિદાનને સારૂ પોતાનો ભોગ આપ્યો, એ સારૂ કે માણસો એવો નવીન પ્રેમ જોઇને પોતાનાં પાપોને લીધે લાજે અને ઇશ્વરની ભણી ફરે. પરમેશ્વર કહે છે, કે

"આવો, આપણે વિવાદ કરીએ; તમારાં પાપ જો કે લાલ [વસ્ત્રના] જેવાં હોય તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય, તો પણ તેઓ ઉન સરખાં થશે."

"કેમકે ઇશ્વરે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકી-જનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે."

પ્રિય વાચકો, કયો પરમેશ્વર તમને સંતુષ્ટ કરી શકે છે? જે પરમેશ્વર પ્રેમી પિતા છે, જે સારાં સારાં દાન આપે છે, અને પાપોની ક્ષમા આપીને તથા તેમને દૂર કરીને અનંતજીવન આપે છે, એવો પરમેશ્વર શું તમને સંતુષ્ટ કરી શકતો નથી? જો એવા પરમેશ્વરથી તમે સંતુષ્ટ થતા હો તો તેની

પ્રાર્થના કરો એટલે તે સાંભળશે અને તમારા મનની સર્વ ઇચ્છા તથા આકાંક્ષા પૂર્ણ કરશે.

(૫) વેદાન્તમતના શિક્ષણ અનુસાર તો જીવાત્મા અને પરમાત્મામાં ભેદ નથી પણ બન્ને એક છે, અને મનુષ્ય પરમેશ્વરની સંગતિ કરી શકતો નથી પણ બ્રહ્મમાં લીન થઇ જશે અને તેના જેવો બની જશે. ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ કંઇક એના જેવું છે, તોપણ તે તેનાથી અધિક ઉત્તમ, શ્રેષ્ઠ અને ગ્રહણ કરવા યોગ્ય છે. ઇસુ ખ્રિસ્તનું શિક્ષણ એ છે, કે મનુષ્યમાત્ર ઇશ્વરનું સંતાન છે, જેને પરમેશ્વરે પોતાના સ્વરૂપ અને સમાનતામાં સરજ્યું છે, અને જોકે મનુષ્યનો આત્મિક સ્વભાવ અસીમ નથી તોપણ તે ઇશ્વરના સ્વભાવને સમાન છે. પિતા અને પુત્રમાં જેવી સમાનતા છે તેવી મનુષ્ય અને ઇશ્વરમાં સમાનતા છે, કેમકે તે પિતાની પાસે અને તેની સન્મુખ જઇ શકે છે તથા તેની સાથે વાત કરી શકે છે. પરંતુ તે પરમેશ્વરમાં લીન થઇ જતો નથી તેમ તે પોતાનું વ્યક્તિત્વ ગુમાવી બેસતો પણ નથી. જરા વિચાર કરી જુઓ કે કઈ વાત સારી છે—શું પોતાનું વ્યક્તિત્વ ખોઇને બ્રહ્મમાં લીન થઈ જવું એ આનંદકર દશા છે, કે અલગ વ્યક્તિ રહીને પરમેશ્વરની સંગતિ અને મેળમાં રહી ખરો આનંદ ભોગવવો, એ આનંદકર દશા છે? ઇસુ ખ્રિસ્તનું શિક્ષણ કેટલું ઉમદા છે કે એ શિક્ષણ અનુસાર અમને અમારા પરમેશ્વરની સાથે એવો સંબંધ અને સંગતિ થાય છે, કે અમે તેની પ્રાર્થના કરી શકીએ છીએ, તેની ઉપાસના કરી શકીએ છીએ, અને તેના પર પ્રેમ રાખી શકીએ છીએ. જો પરમેશ્વર ખરેખર મનુષ્યનો પિતા છે અને પ્રત્યેક મનુષ્ય તેનું સંતાન છે (કારણ કે સંતાન પરમેશ્વરના સ્વરૂપમાં બનાવવામાં આવ્યું છે), તો જરૂર પરમેશ્વર પોતાનો પ્રેમ અને અનુગ્રહ આપણા પર પ્રગટ કરશે; એ કારણને લીધે માણસનું મહાન કર્તવ્યકર્મ અને સૌભાગ્ય એ છે, કે તે પોતાના પરમેશ્વર પિતા પર ભરોસો રાખે, તેના પર પ્રેમ કરે અને તેની આજ્ઞાઓનું પાલન કરે.

હવે એ સંગતિ અને મિલાપ જ્ઞાન કે ધ્યાનદ્વારા પ્રાપ્ત થઇ શકતાં નથી, પણ જે પુરૂષ આ જગતમાં આવ્યો, જેનામાં ઇશ્વરત્વ અને મનુષ્યત્વ બન્ને તત્ત્વો હતાં, તે પુરૂષદ્વારા પ્રાપ્ત થઇ શકે છે. એ પુરૂષ ઇસુ ખ્રિસ્ત છે, અને તેમની મારફતે ઈશ્વર સાથે મિલાપ અને સંગતિ પ્રાપ્ત થઇ શકે છે.

આગળ જણાવવામાં આવ્યું છે કે પરમેશ્વરે મનુષ્યને પોતાના સ્વરૂપ અને સમાનતામાં સરજ્યું છે. બાઇબલ એમ બતાવે છે, કે પાપને કારણે એ સ્વરૂપ બદલાઇ ગયું અને માણસો પાસેથી ઇશ્વર વિષેનું જ્ઞાન જતું રહ્યું, ત્યારે તે પોતાના મનસૂઝ્યા જુદા જુદા પ્રકારના પરમેશ્વર બનાવવા લાગ્યું. ઇસુ ખ્રિસ્ત જે પરમેશ્વરનું પૂર્ણ પ્રકાશન કે પ્રકટીકરણ છે તેમણે પોતાના બલિદાનદ્વારા પાપને દૂર કર્યું અને મનુષ્યનો ઇશ્વર સાથે મિલાપ કરાવ્યો. જ્યારે એ ઇસુ ખ્રિસ્ત, ઇશ્વરનો પુત્ર, જગતમાં અવતાર લઇને આવ્યા અને મનુષ્યોની સમાન બન્યા, ત્યારે તેમણે એવું પ્રગટ કરી દેખાડયું, કે મનુષ્ય અને ઇશ્વરમાં એકતા છે. જો પરમેશ્વર આપણો પિતા ન હોય તો આપણે એકબીજાના ભાઇઓ હોઇ શકતા નથી અને ભાઇચારાનો કે બંધુત્વનો વિચાર અસંભવિત છે.

ઇસુ ખ્રીસ્તે કહ્યું છે, કે "જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે."

"હું તથા બાપ એક છીએ."

"તે દહાડે તમે જાણશો, કે હું મારા બાપમાં છું, અને તમે મારામાં છો, અને હું તમારામાં છું."

"તેઓ બધા એક થાય; હે બાપ, જેમ તું મારામાં અને હું તારામાં, તેમ તેઓ પણ આપણામાં એક થાય."

"હું તેઓમાં અને તું મારામાં થાય, જેથી તેઓ સંપૂર્ણ થઇને એક થાય."

"પરમેશ્વરે આપણને મૂલ્યવાન તથા અતિશય મોટાં વચનો આપ્યાં છે, જેથી તેઓદ્વારા જગતમાંની જે દુર્વાસનાથી દુષ્ટતા થાય છે, તેથી છૂટીને **ઇશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ."**

"ઇશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ," એવા થવાનો લાગ જે ઇસુ ખ્રિસ્ત આપણને આપે છે તે શું મોટી બાબત નથી ? તે તો આપણને ઇશ્વરી સ્વભાવના ભાગીદાર બનાવીને આપણું વ્યક્તિત્વ અલગ રાખે છે અને આપણને પરમાનંદ બક્ષે છે.

હિન્દુ વેદાન્તી કહે છે, કે "હું જગત સંબંધી મરી ગયો છું." ખ્રિસ્તી વેદાન્તી પણ એવું કહે છે, કે "હું જગત સંબંધી મરી ગયો છું"; પણ

તે એથી અધિક એમ પણ કહે છે, કે " પરંતુ હું જીવું છું, તો પણ હવેથી હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે ; અને હવે દેહમાં જે મારૂં જીવન તે ઇશ્વરના દીકરા પરના વિશ્વાસથીજ છે."

વેદાન્તદ્વારા જે કંઇ તમે પ્રાપ્ત કરવા ચાહો છો તે સર્વ ખ્રિસ્તી ધર્મમાં મળે છે, અને એ ઉપરાંત કંઇક અધિક પણ પ્રાપ્ત થાય છે. એવું ઇશ્વરજ્ઞાન શું છે કે જે ખ્રિસ્તમાં પૂર્ણ થતું ન હોય? દરેક ધર્મ અને મતના સર્વ ગુરૂઓ અને આગેવાનોની આશા ખ્રિસ્તમાં પૂર્ણ થાય છે. જે જે બાબતોની આકાંક્ષા ધર્મગુરૂઓ અને ઉપદેશકોના મનમાં હતી તથા જેને પ્રાપ્ત કરવાને માટે તેઓ ખોળ અને યત્ન કરતા હતા તે સર્વ બાબતો ઇસુ ખ્રિસ્ત પૂર્ણ કરે છે, અને તેમનામાં પ્રાપ્ત થાય છે. અમારૂં કહેવું એવું નથી કે બીજા ધર્મોની અને મતોની આત્મિક વાતો મિથ્યા છે, પણ અમે આનંદસહિત એવું તો કહીએ છીએ, કે એનાથી ઘણી ચઢીઆતી અને ઘણી ઉત્તમ તથા આવશ્યક વાતો ઇસુ ખ્રિસ્તમાં તમને પ્રાપ્ત થઇ શકે છે, જેથી મનને પૂરી શાન્તિ અને પૂરો આરામ મળે છે, અને મનમાં એવી ખાતરી રહે છે કે મારી ભૂખ તથા તરસ ઇસુ મસીહ મટાડે છે. ઇસુ ખ્રિસ્ત ચોકખેચોકખું એમ કહે છે કે મરણને માટે નહિ પણ જીવનને માટે તમને બનાવવામાં આવ્યા છે. આજ હિન્દુસ્તાનને તે આવું કહે છે :

" જે કોઇ આ પાણી પીએ તેને ફરી તરસ લાગશે, પણ જે પાણી હું આપીશ, તે જે કોઇ પીએ તેને કદી પણ તરસ લાગશે નહિ ; પણ જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે, તે અનંતજીવન સુધી ઝર્યાં કરશે."

" જો કોઇ તરસ્યો હોય, તો તે મારી પાસે આવીને પીએ......જે કોઇ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે."

" તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું."

જે વખતે કોઇ પણ માણસ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવા લાગે છે તેજ વખતથી આ જગતમાં તેને માટે અનંતજીવનનો આરંભ થાય છે, અને એ અનંતજીવન મૃત્યુ પછી પૂર્ણતાએ પહોંચે છે. ખ્રિસ્તી લોકોને

માટે તો મરણ એ અનંતજીવનમાં પ્રવેશ કરવાનું દ્વાર છે, કારણ કે જ્યાં પરમેશ્વર છે ત્યાં અનંતજીવન છે! એ કારણને લીધે ખ્રિસ્તી વેદાન્તી પોકારીને પોતાની ઇચ્છા પ્રગટ કરે છે, કે

"શરીરથી વિયોગી થવું તથા પ્રભુની પાસે વાસો કરવો, એ અમને વધારે પસંદ છે."

"વહાલાંઓ, હાલ આપણે ઇશ્વરનાં છોકરાં છીએ, અને આપણે કેવાં થઇશું, તે હજી સુધી પ્રગટ થયું નથી. આપણે એટલું તો જાણીએ છીએ કે જયારે તે પ્રગટ થશે ત્યારે તેના જેવાં આપણે થઇશું, કેમકે જેવો તે છે તેવો આપણે તેને જોઇશું."

આવો વિશ્વાસ હોવાને કારણે ખ્રિસ્તી લોકો મૃત્યુથી ડરતા નથી, પણ તેઓનું કહેવું એવું છે, કે "મને જીવવું તે ખ્રિસ્ત, અને મરવું તે લાભ છે." પ્રિય ભાઇઓ, કોણ લાભની ચાહના નથી રાખતું? વળી તે કહેવું એવું પણ છે, કે, "[દેહમાંથી] નીકળવાની તથા ખ્રિસ્તની સાથે રહેવાની મારી ઇચ્છા છે, કેમકે તે ઘણે દરજ્જે વધારે સારૂં છે." ખ્રિસ્તના ખરા વિશ્વાસી લોકો મરણસમયે શય્યા પર પડ્યા પડ્યા પણ અનંતજીવનની આશા રાખે છે અને એવું કહ્યાં કરે છે, કે "મારો પ્રયાણકાળ પાસે આવ્યો છે. હું સારી લડાઇ લડયો છું, મેં દોડ પૂરી કરી છે, વિશ્વાસ રાખ્યો છે. હવે મારે સારૂ ન્યાયીપણાનો મુગટ રાખી મૂકેલો છે."

શું કદી કોઇ વેદાન્તીને એવો વિશ્વાસ પ્રગટ કરતો સાંભળ્યો?

ખ્રિસ્તી લોકો પોતાનાં વહાલાંઓને કબરને સ્વાધીન કરે છે ત્યારે આવો જયધ્વનિ કરે છે, કે "અરે મરણ, તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં?......ઇશ્વર જે આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્તદ્વારા આપણને જય આપે છે, તેને ધન્યવાદ હો."

ખ્રિસ્તી લોકો શા સારૂ આવો આનંદ કરતા હશે? એજ કારણને લીધે કે ખ્રિસ્તી માણસને એવો વિશ્વાસ અને એવી ખાતરી છે, કે તેનાં સર્વ વહાલાંઓ જે આગળ મરી ગયાં છે તેને તે ફરીથી મળશે; વળી વિશેષ એ કારણથી આનંદ કરે છે, કે મત્યુ તો પ્રેમી પિતાને ઘેર જવાનો માર્ગ છે.

કોને પિતાને ઘેર જવું નહિ ગમતું હોય ?

પ્રભુ ખ્રિસ્ત હિન્દુસ્તાનના લોકોને પોકાર કરીને કહે છે, કે

"ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાએલાઓ, તમે સઘળાઃ મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ."
